**તા. ૨૪–૦૭–૨૦૧૫.**

**ગોઢાણિયા મહિલા કોલેજમાં વિદ્યાર્થીનીઓનો ' થેલેસેમિયા ટેસ્ટીગ કેમ્પ ' સંપન્ન**

ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં તા.૧૭–૦૭–૨૦૧૫ ના રોજ કોલેજમાં કાર્યરત યુથ રેડક્રોસ, હેલ્થ સેન્ટર, એન.એસ.એસ. તથા સામુદાયિક સેવાધારાના સંયુકત ઉપક્રમે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની પોરબંદર જીલ્લા બ્રાંચના સહકારથી વિદ્યાર્થીનીઓ માટે થેલેસેમીયા ટેસ્ટીગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડો. વી.આર.જી. મહિલા કોલેજમાં દર વર્ષે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થીનીઓ માટે થેલેસેમીયા ટેસ્ટીગ કેમ્પનું આયોજન કરાય છે. તે મુજબ આ વર્ષે પણ વારસાગત રીતે ફેલાતા અને અસાઘ્ય મનાતા આ રોગના ટેસ્ટીગ કેમ્પમાં મહિલા કોલેજની ૫૪૮ વિદ્યાર્થીનીઓના લોહીના નમૂનાઓ એકત્ર કરવામાં આવ્યા હતા. જેનું ટેસ્ટીગ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની અમદાવાદ ખાતેની અદ્યતન લેબોરેટરીમાં કરવમાં આવશે.વિદ્યાર્થીનીઓના લોહીના નમુનાઓ એકત્ર કરવા માટે રેડક્રોસ સોસાયટીના ગુજરાત રાજય બ્રાંચના શ્રી જયેશભાઈ સોલંકી, શ્રી વિજયભાઈ પારેખ, શ્રી મનીષભાઈ પરમાર અને શ્રી મુકેશભાઈ રાવલે સેવાઓ આપી હતી.

આ કેમ્પની સફળતા માટે પોરબંદર જીલ્લા કલેકટરશ્રી તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની પોરબંદર જીલ્લા બ્રાંચના પ્રમુખશ્રી, શ્રી દિનેશભાઈ પટેલસાહેબે શુભેચ્છાઓ પાઠવી હતી. તથા પોરબંદર જીલ્લા બ્રાંચના ઉપપ્રમુખશ્રી ડો. જનકભાઈ પંડિત, ચેરમેન શ્રી હરિશભાઈ રૂઘાણી, વાઈસ ચેરમેન શ્રી ડો. સી.જી. જોષી, સેક્રેટરી શ્રી અકબરભાઈ સોરઠીયા પી .આર.ઓ. શ્રી દક્ષ મોઢવાડિયા, શ્રી રામ ઓડેદરા, શ્રી કમલ શર્મા, શ્રી સાવન ભટ તથા શ્રી મનીષા ઓડેદરાનો સહકાર પ્રાપ્ત થયો હતો.

મહિલા કોલેજમાં યુથ રેડક્રોસના પ્રોગ્રામ ઓફીસરશ્રી ડો. ચેતનાબહેન બેચરા, હેલ્થ સેન્ટરના ડો. કેતનભાઈ શાહ અને ડો. જયશ્રીબહેન પરમાર તેમજ એન.એસ.એસ. તથા સામુદાયિક સેવા ધારા સાથે સંકળાયેલા ડો.ગીતાબહેન ઉનડકટ, પ્રા. દક્ષાબહેન ચોટાઈ તથા ડો. રેખાબહેન મોઢા કાર્યરત હતા. અને વિદ્યાર્થીનીઓએ પણ જહેમત ઉઠાવી હતી. અને સૌને સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિન્સિપાલશ્રી ડો. નાગરસાહેબ તથા વાઈસ પ્રિન્સિપાલ શ્રી કગથરાસાહેબનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

**( ડો. અનુપમ આર. નાગર )**
પ્રિન્સિપાલ